# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "ફ્યુઅલ ફોર ધ ફ્યુચર" વિષય પર વિદ્યાર્થીઓ માટે સેમીનાર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની જેન્ડર કમિટી દ્વારા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણીનાં ભાગરૂપે ૧૦મી ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ "ફ્યુઅલ ફોર ધ ફ્યુચર" પર બં. અ. કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ઓડીટોરિયમ ખાતે મહિલા સ્ટાફ અને વિદ્યાર્થિઓ માટે ડૉ. કે.બી. કથીરિયા, કુલપતિશ્રી, આકૃયુના માર્ગદર્શન હેઠળ સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સેમિનારના ઉદ્ધાટન સમારોહ ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષની અધ્યક્ષતામાં યોજાયેલ, જેમાં ડૉ. કોમલ ચૌહાણ, પ્રોફેસર, ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કમ્યુનીટી સાયન્સીઝ, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા મુખ્ય વક્તા તેમજ ડૉ. જાગૃતિ શ્રોફ, ચેર પર્સન જેન્ડર કમિટી, આકૃયુ તથા મહાનુભાવો એ દીપ પ્રગટાવીને સેમીનારનું ઉદ્ધાટન કર્યું હતું.

સેમીનારના પ્રારંભમાં ડૉ. જાગૃતિ શ્રોફ દ્વારા જેન્ડર કમિટી, આકૃયુ નાં મહત્વ વિષે વિદ્યાર્થીઓને પરિચિત કરવામાં આવ્યા અને જેન્ડર કમિટી દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી, આકૃયુ, દ્વારા રાષ્ટ્રીય પોષણ માસનાં ઉજવણીના મહત્વને તથા તેનાથી સમાજને થતાં ફાયદાઓ વિષે ખૂબજ સરળ ભાષામાં જાણકારી આપવામાં આવેલ.

રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણીનાં ભાગરૂપે જાતિય સમિતિ દ્વારા પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સ્પર્ધાનો વિષય “સુપોષિત ભારત સશક્ત ભારત” રાખવામાં આવેલ જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની તમામ કોલેજોમાંથી કુલ ૧૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. ડો. નલિન પગી અને ડો. નીરવ પટેલ દ્વારા સ્પર્ધા માટે નિર્ણાયક તરીકે પોતાની અમૂલ્ય સેવા પુરી પાડવામાં આવી હતી. ડૉ. એમ કે ઝાલા, સંશોધન નિયામકશ્રી અને ડિન પીજી સ્ટડીઝ, તથા આમંત્રિત મહાનુભાવોનાં હસ્તે પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રમાણપત્ર અને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સેમિનારના મુખ્ય વક્તા ડૉ. કોમલ ચૌહાણ, પ્રોફેસર, ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કમ્યુનીટી સાયન્સીઝ, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, દ્વારા "ફ્યુઅલ ફોર ધ ફ્યુચર" વિષય પર વિસ્તૃતમાં પ્રેઝન્ટેશન આપવામાં આવેલ અને પોષણ અને સ્વાસ્થ્યનું જીવન પર્યન્ત મહત્વ તથા તે જાળવવા માટે લેવા જોઈતા પગલાં માટેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા ઉપસ્થિત પોષણલક્ષી પ્રશ્નોનું નિરાકરણ પણ કરવામાં આવેલ. સેમીનારના અંતમાં ડૉ. ગાયત્રી જાડેજા, મેમ્બર, જેન્ડર કમિટી, આકૃયુ દ્વારા મહેમાનોનો કાર્યક્રમમાં હાજરી આપીને પ્રોત્સાહિત કરવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ તેમજ કાર્યક્રમનાં સુરચિત

આયોજનમાં ભાગ લેનાર બધાજ કમિટી મેમ્બર્સનો આભાર વ્યક્ત કરવામાં આવેલ અને રાષ્ટ્રીય ગાન ગાઈને કાર્યક્રમનો અંત કરવામાં આવેલ.

આ સેમિનારના સફળ આયોજનમાં કન્વીનર ડૉ. જાગૃતિ શ્રોફ, ચેરપર્સન જેન્ડર કમિટી, ડૉ. જી. આર. પટેલ, રજીસ્ટ્રારશ્રી, આફ્રયુ, તથા કો-કન્વીનર, ડૉ. ગાયત્રી જાડેજા એ ખૂબ મહત્વની ભૂમિકા ભજવી હતી.



